**(1081)** ભારતના બંધારણના આરંભથી, દરેક વ્યક્તિ ભારતની નાગરિક બનશે, જેઓ ભારત પ્રદેશમાં પોતાનું અધિનિવાસ ધરાવે છે અને ..........

**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) જેમના માતા અથવા પિતાનો જન્મ ભારત પ્રદેશમાં થયેલો છે.

(B) જેઓ ભારતના બંધારણના આરંભના તુરત પૂર્વ ઓછામાં ઓછા પાંચ વર્ષ માટે ભારત પ્રદેશના સામાન્ય રહેવાસી છે.

(C) જેમનો જન્મ ભારત પ્રદેશમાં થયેલો છે.

(D) ઉપરોક્ત તમામ

*Ans:* D

**(1082)** નીચે આપેલ વિધાનોમાંથી કયાં વિધાન ખરાં છે?

(1) રાજ્યપાલ, રાજ્ય વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવેલા ચોક્કસ પ્રકારના વિધેયક રાષ્ટ્રપતિની વિચારણા માટે અનામત રાખી શકે છે.

(2) રાષ્ટ્રપતિ, રાજ્ય સરકારને નાણાકીય કટોકટી દરમિયાન નાણાં અને તેને લગતા અધિનિયમ વિચારણા માટે મોકલવા નિર્દેશ આપી શકે છે.

(3) રાજ્યપાલ, ભારતના રાષ્ટ્રપતિની જેમ જ "અબાધિત અને કાયદો મોકૂફી" વીટો ધરાવે છે.

**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) 1, 2 અને 3 (B) ફક્ત 1 (C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 3 *Ans:* A

**(1083)** જ્યારે રાજ્યપાલ, રાજ્યની વિધાનસભાને સંબોધન કરવાના હોય ત્યારે તેમની સ્પીચ કોણ તૈયાર કરે છે ?

**[ક્લાર્ક, તા. 16-9-2018]**

(A) રાજ્યના મુખ્ય સચિવ (B) વિધાનસભાના અધ્યક્ષ (C) રાજ્યપાલ પોતે (D) મુખ્યમંત્રી અને મંત્રીમંડળ *Ans:* D

**(1084)** ભારતનાં બંધારણની મૂળભૂત રચનામાં નીચેના પૈકી કયું/ક્યાં લક્ષણ(ણો) સમાવિષ્ટ કરવામાં આવ્યાં છે?

(1) ન્યાયિક સમીક્ષા (2) સર્વોચ્ચ અદાલત દ્વારા અપીલ કરવા માટે ખાસ રજા (3) સમવાયી ગુણ (4) મુક્ત અને ન્યાયી ચૂંટણી

**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) ફક્ત 3 અને 4 (B) ફક્ત 1 (C) ફક્ત 1 અને 4 (D) ફક્ત 1, 3 અને 4 *Ans:* D

**(1085)** ભારતમાં "અધિકૃત ભાષા"ના દરજ્જાના સંદર્ભે નીચે આપેલાં વિધાનોમાંથી કયું(યાં) વિધાન(નો) ખરું(રાં) છે?

(1) હિંદી દેવનાગરી લિપિ એ ભારત સંઘની અધિકૃત ભાષા છે.

(2) બંધારણ વિવિધ રાજ્યોની અધિકૃત ભાષાઓને સ્પષ્ટ કરે છે.

(3) જ્યાં સુધી સંસદ અન્યથા પ્રદાન કરે નહીં ત્યાં સુધી, ઉચ્ચ ન્યાયાલય અને સર્વોચ્ચ ન્યાયાલયની તમામ કાર્યવાહી અંગ્રેજીમાં જ ચાલશે.

**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 *Ans:* A

**(1086)** નીચે આપેલાં વિધાનોમાંથી કયાં વિધાનો ખરાં છે ?

(1) ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ (1919) એ ભારતના સંઘ જાહેર સેવા આયોગની સ્થાપના માટે જોગવાઈ કરી.

(2) ભારતમાં સૌપ્રથમવાર સંઘ જાહેર સેવા આયોગ ઈ.સ. 1926માં ઊભું કરવામાં આવ્યું.

(3) ઈ.સ. 1950માં ભારતીય બંધારણના અસ્તિત્વ સાથે સમવાયી જાહેર સેવા આયોગ, સંઘ જાહેર સેવા આયોગ તરીકે જાણીતું થયું.

(4) ભારતીય બંધારણના અનુચ્છેદ 378 અન્વયે સમવાયી જાહેર સેવા આયોગના અધ્યક્ષ અને સભ્યો સંઘ જાહેર સેવા આયોગના અધ્યક્ષ અને સભ્યો બન્યા.

**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) ફક્ત (2), (3) અને (4)

(B) ફક્ત (1) અને (2)

(C) ફક્ત (1), (2) અને (3) *Ans:* D

(D) (1), (2), (3) અને (4)

**(1087)** જોડકાં જોડો.

1. ભારતનું એકત્રિત ફંડ a. અણધાર્યો ખર્ચ

2. આકસ્મિક ફંડ b. તમામ મહેસૂલી આવકો, ઊભી કરવામાં આવેલી લોન અને લોનની વસૂલાત

3. જાહેર હિસાબ c. કામગીરી ખર્ચને પહોંચી વળવા માટેનું ઉચ્ચક અનુદાન

4. લેખાનુદાન d. પ્રોવિડન્ટ ફંડ, નાની બચત અને અન્ય થાપણો અન્વયે થયેલી આવક

**[પોલીસ ઈન્સ્પેક્ટર (બિનહથિયારધારી) વર્ગ-2, તા. 30/06/2019]**

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d

(B) 1 - b, 2 - a, 3 - d, 4 - c *Ans:* B

(C) 1 - b, 2 - c, 3 - a, 4 - d

(D) 1 - b, 2 - a, 3 - c, 4 - d

www.Gujarat1.com

**(1088)** નીચે આપેલાં વિધાનોમાંથી કયાં વિધાનો ખરાં છે ?

(1) મુખ્ય ચૂંટણી આયુક્ત અને ચૂંટણી આયુક્તો 06 વર્ષ અથવા 65 વર્ષની વય સુધી, જે વહેલું હોય, ત્યાં સુધીનો કાર્યકાળ ધરાવે છે.

(2) ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (CAG) 06 વર્ષ, અથવા 65 વર્ષની વયે પહોંચે ત્યાં સુધી, જે વહેલું હોય, ત્યાં સુધીની મુદત માટે હોદ્દો ધરાવે છે.

(3) મુખ્ય સમક્તા આયુક્ત (CWC)ની નિવૃત્તિ વય 65 વર્ષ છે અને તે 04 વર્ષના નિશ્ચિત સમયગાળા સાથે નિમણૂક પ્રાપ્ત કરે છે.

(4) જાહેરસેવા આયોગના સભ્ય તરીકે હોદ્દો ધરાવતી વ્યક્તિ તે હોદ્દા ઉપર પુનઃનિયુક્તિ માટે લાયક રહેતી નથી.

**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1 અને 3 (C) ફક્ત 2, 3 અને 4 (D) ફક્ત 1, 2 અને 4 *Ans:* A

**(1089)** કઈ આદિજાતિઓ અથવા આદિજાતિ સમુદાય અથવા તેની અંદરના કયા જૂથોને કોઈ રાજ્ય સંબંધમાં આ સંવિધાનના હેતુઓ માટે અનુસૂચિત આદિજાતિઓ ગણવી તે રાજ્યની બાબતમાં તેના રાજ્યપાલ વિચાર વિનિમય કરીને જાહેરનામામાંથી નિર્દિષ્ટ કરશે. આ પ્રકારની જોગવાઈ ભારતીય બંધારણના ક્યા આર્ટિકલમાં કરવામાં આવી છે ?

**[મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ 3), 27-05-2018]**

(A) આર્ટિકલ - 343 (B) આર્ટિકલ - 341 (C) આર્ટિકલ – 342 (D) આર્ટિકલ - 340 *Ans:* C

**(1090)** સર્વોચ્ચ અદાલતની હકૂમતને ચાર શ્રેણીઓમાં વિભાજિત કરી શકાય. નીચેના પૈકી કયું આ ચારમાં નથી ?

**[પોલીસ ઈન્સ્પેક્ટર (બિનહથિયારધારી) વર્ગ-2, તા. 30/06/2019]**

(A) ખાસ હકૂમત

(B) પુનઃ વિચારણાની હકૂમતા

(C) મૂળ હકૂમત

(D) અપીલીય હકૂમતા

*Ans:* A

**(1091)** નીચેના પૈકી એવી કઈ બાબત છે કે જે અંગે રાજ્યપાલ રાષ્ટ્રપતિને ભલામણ કરી શકતા નથી ?

**[પોલીસ ઈન્સ્પેક્ટર (બિનહથિયારધારી) વર્ગ-2, તા. 30/06/2019]**

(A) રાજ્યમાં બંધારણીય તંત્ર ભાંગી પડ્યું હોવાની જાહેરાત કરવી.

(B) રાજ્યની વિધાનસભાનું વિસર્જન કરવું

(C) ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશોને દૂર કરવા

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં.

*Ans:* C

**(1092)** નીચેનામાંથી કયા પ્રશ્નોનો પ્રકાર વિધાનસભામાં પુછાતા પ્રશ્નોનો નથી ?

**[ક્લાર્ક, તા. 16-9-2018]**

(A) ટૂંકી મુદતનો પ્રશ્ન (B) બહુવિકલ્પીય પ્રશ્નો (C) અતારાંકિત પ્રશ્નો (D) તારાંકિત પ્રશ્નો *Ans:* B

**(1093)** રાષ્ટ્રપતિના મૃત્યુ, રાજીનામા કે હોદ્દા પરથી દૂર થવાના કે અન્ય કોઈ કારણસર ખાલી થયેલ હોદ્દા ભરવા માટેની ચૂંટણી કેટલા સમયગાળામાં થવી જોઈએ?

**[નગરપાલિકા મુખ્ય અધિકારી (વર્ગ 3), 09-04-2017]**

(A) જગ્યા ખાલી થયાના 12 મહિનામાં

(B) જગ્યા ખાલી થયાના 3 મહિનામાં

(C) જગ્યા ખાલી થયાના 6 મહિનામાં

(D) જગ્યા ખાલી થયાના 9 મહિનામાં

*Ans:* C

**(1094)** 15મા નાણાપંચના ચેરમેન કોણ છે ?

**[નાયબ ચિટનીસ, તા. 23-11-2018]**

(A) ડો. અનુપ સિંઘ (B) શ્રી એન. કે. સિંઘ (C) શ્રી શશિકાન્ત દાસ (D) ડો. રમેશ ચંદ *Ans:* B

www.Gujarat1.com

**(1095)** સંસદના સત્ર સંદર્ભે નીચેના પૈકી કયું વિધાન ખરું નથી?

**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) રાજ્યસભાનું વિઘટન થતું નથી, કારણ કે તે કાયમી ગૃહ છે.

(B) લોકસભાનું વિસર્જન કાં તો આપમેળે અથવા રાષ્ટ્રપતિ દ્વારા થાય છે.

(C) તે અનિશ્ચિત કાળ માટે મોકૂફ રાષ્ટ્રપતિ દ્વારા થાય છે, જ્યારે માત્ર મોકૂફ અધ્યક્ષ / સ્પીકર દ્વારા થાય છે. *Ans:* C

(D) સત્રસમાપ્તિથી ગૃહનું સત્ર સમાપ્ત થાય છે, જ્યારે મોકૂફીથી માત્ર બેઠક સમાપ્તિ થાય છે.

**(1096)** ભારતીય સંસદ સંદર્ભે નીચેના પૈકી કયું વિધાન ખરું નથી?

**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) વિનિયોગ અધિનિયમ દ્વારા કરવામાં આવેલા વિનિયેત સિવાય, ભારતના એકત્રીકરણ ભંડોળમાંથી કોઈ નાણાં પાછાં ખેંચી શકાય નહીં.

(B) જ્યારે તે પહેલેથી જ કાર્યરત હોય છે ત્યારે, નવા કરનો પ્રસ્તાવ કરાવવા માટે નાણાં વિધેયક જરૂરી છે, પરંતુ કરના દરમાં ફેરફાર કરવા માટે કોઈ અન્ય અધિનિયમ વિધેયકની જરૂર નથી. *Ans:* B

(C) વિનિયોગ વિધેયક થકી કાયદો ઘડવામાં આવે તે પહેલા તે સંસદનાં બંને ગૃહોમાંથી પસાર થયો હોવો જોઈએ.

(D) ઉપરના પૈકી કોઈ પણ નહીં.

**(1097)** ભારતના નાણાપંચ બાબતે નીચેના પૈકી કયું વિધાન સાચું નથી?

**[રાજ્ય વેરા નિરીક્ષક (STI), તા. 09/06/2019]**

(A) નાણાપંચની નિમણૂક ભારતના સંવિધાનના અનુચ્છેદ 280 હેઠળ કરવામાં આવી હતી.

(B) ધ ફાઇનાન્સ કમિશન (મિલેનિયસ પ્રોવિજન્સ) એક્ટ 1951 વધુમાં નાણાપંચની લાયકાત, નિમણૂક, સમયગાળો અને સત્તાઓને વ્યાખ્યાયિત કરે છે. *Ans:* C

(C) નાણાપંચની નિમણૂક દર 6 વર્ષે કરવામાં આવે છે અને તે અધ્યક્ષ અને અન્ય 5 સભ્યનું બનેલું છે.

(D) 15 માં નાણાપંચના અધ્યક્ષ નંદકિશોર સિંઘ છે.

**(1098)** અનુચ્છેદ 88 પ્રમાણે ગૃહમાં નીચેનામાંથી કોને મતદાનનો અધિકાર નથી?

**[મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી વર્ગ-૩, તા. 7-10-2018]**

(A) રાષ્ટ્રપતિ

(B) બંને માંથી કોઈને પણ નહીં.

(C) ભારતના એટર્ની જનરલ *Ans:* C

(D) બંને

**(1099)** 73મો બંધારણનો સુધારો કઈ તારીખથી અમલમાં આવેલો છે ?

**[નાયબ ચિટનીસ, તા. 23-11-2018]**

(A) 1/4/94 (B) 24/4/93 (C) 24/4/94 (D) 24/4/95 *Ans:* B

www.Gujarat1.com

**(1100)** નીચેના પૈકી કેવા સંજોગોમાં ચૂંટણીની બાબતોમાં અદાલતોની દખલને બાકાત રાખવામાં આવે છે?

(1) મતવિસ્તારોનું સીમાંકન (2) મતવિસ્તારો માટે બેઠકોની ફાળવણી

**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 માંથી કોઈ નહીં

(D) બંને 1 અને 2

*Ans:* D

**Scan** to Play Quiz Gujarat!

હાલમાં ચાલી રહેલ ભરતીઓ Last Day Job List: Click Here

Updates on WhatsApp: Click Here Telegram: Click Here

OJAS-MG on Telegram: Click Here

Download More Books: Click Here OR visit gujarat1.com/books

Report mistake if any on info@gujarat1.com

www.Gujarat1.com